# કેશુભાઈના નિવાસસ્થાને આગેવાનો અને કાર્યકરોની અવરજવર વધી

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત ભાજપના આગેવાન અને પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના નિવાસસ્થાને માજી ધારાસભ્યો સહીત ભાજપના નારાજ આગેવાનો કાર્યકરોના મેળાવડાઓ શરૂ થતાં ગાંધીનગરના રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે.



પૂર્વ મુખ્યમંત્રી અને ગુજરાત ભાજપના સીનીયર આગેવાન કેશુભાઈ પટેલને છેલ્લા કેટલાક સમયથી સાઈડ ટ્રેક કરી દેવામાં આવ્યા છે. ગુજરાતમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના શાસન દરમ્યાન કેશુભાઈ જુથના આગેવાનોને પણ બાજુએ મુકી દેવામાં આવ્યા છે.

નરેન્દ્ર મોદીની કામગીરીથી કેશુભાઈ જુથના લોકો છેલ્લા કેટલાક સમયથી નારાજ થઈને ચૂપચાપ બેસી રહ્યા છે. જો કે તાજેતરમાં જ કેશુભાઈ પટેલે આડકતરી રીતે નરેન્દ્ર મોદી સામે પ્રહારો કરવાની શરૂઆત કરતાં કેશુભાઈ જુથ ગેલમાં આવી ગયું છે.

રાજ્યમાં પટેલ સમાજના યોજાયેલા સંમેલનોમાં કેશુભાઈ પટેલે ઉપસ્થિત રહીને આડકતરી રીતે નરેન્દ્ર મોદી સામે પ્રહારો કરીને પટેલોને એક થવા કરેલા આહવાનથી ગુજરાત ભાજપ નેતાગીરી અને મોવડીમંડળ પણ ચોંકી ઉઠ્યું છે.

ઘણા લાંબા સમય બાદ કેશુભાઈએ અવાજ ઉઠાવતા તેમના સમર્થકો ગેલમાં આવી ગયા છે અને ભાજપના માજી ધારાસભ્યો સાંસદો નારાજ આગેવાનો કાર્યકરો હવે ખુલીને કેશુભાઈને મળવા તેમના નિવાસસ્થાને ભીડ લગાવવા લાગ્યા છે.

ગાંધીનગર સ્થિત કેશુભાઈ પટેલના નિવાસસ્થાને સવારથી જ ભાજપના આગેવાનો કાર્યકરોની અવરજવર શરૂ થઈ જાય છે અને કેશુભાઈની મુલાકાત લઈને તેઓ તેમની સાથે હોવાની વાતો પણ કરતા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. છેલ્લા ચાર પાંચ દિવસાથી કેશુભાઈને મળવા આવનારા કાર્યકર્તાઓની ભીડ વધવા લાગી છે. અને કેશુભાઈના નિવાસસ્થાને રીતસર મેળાવડા જેવું વાતાવરણ સર્જાવા પામ્યું છે.

**પાટનગરના રાજકારણમાં આવેલો ગરમાવો**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ આડે હવે માત્ર ૬ મહિના જેટલો સમય જ બાકી રહ્યો છે ત્યારે કેશુભાઈએ ઉવાચ કરતાં અને તેમના નિવાસસ્થાને તેમને મળવા આવતા આગેવાનો કાર્યકરોના મેળાવડાને કારણે પાટનગરના રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે. આગામી ટૂંક સમયમાં ભાજપમાં નવાજુની થવાના એંધાણ રાજકીય નિરીક્ષકો જોઈ રહ્યા છે.

# ગાંધીનગર જિલ્લામાં શાકભાજીના પાકોનું ઉત્પાદન છેલ્લા પાંચ વર્ષમાં ૮૬,૩૮૯ મે. ટન વધ્યું

ગાંધીનગર, તા.૧૫

રાજયમાં વર્ષ ૨૦૦૫થી શરૂ થયેલા કૃષિ મહોત્સવના ફળ



રૂપે આજે ગુજરાત દેશમાં બીજી હરિતક્રાંતિનું પથદર્શક બની ગયું છે. દર વર્ષે યોજાતા કૃષિ મહોત્સવમાં ગુજરાતના ગામડે ગામડે કૃષિ રથ ફેરવવામાં આવે છે. તેમાં ખેડૂતલક્ષી વિવિધ સાધન સહાય આપવામાં આવે છે. અને કૃષિ નિષ્ણાતો અને તજજ્ઞો મારફતે ખેડૂતોને ખેતી માટે તેમની જમીનની ક્ષમતા અને યોગ્યતા અંગે વૈજ્ઞાનિક રીતે શિક્ષિત કરવામાં આવે છે. જેના થકી આજે ગુજરાતના ખેડૂતો અત્યારે આધુનિક પધ્ધતિથી ખેતી કરતા થયા છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં પણ ખેડૂતો બાગાયત પાકોની ખેતી કરતા થયા છે. છેલ્લા પાંચ વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં બાગાયતી પાકોના વાવેતરમાં ફળ પાકોમાં ૧૧૧૯ હેકટર, શાકભાજીના પાકોમાં ૧૭૮૬ હેકટર, મરી મસાલાના પાકોમાં ૫૦૭ હેકટર અને ફુલ પાકોમાં ૮૨ હેકટરનો વધારો થયો છે.

સમગ્ર જિલ્લામાં કૃષિ મહોત્સવ થકી વૈજ્ઞાનિક અને તજજ્ઞો દ્વારા ખેડૂતોને પોતાના વિસ્તારમાં કયા કયા પાકોનું વાવેતર થઈ શકે છે. તેની માહિતી -ાપ્ત થઈ છે. જેના પરિણામે પોતાની જમીનમાં બાગયત પાકોની ખેતી શરૂ કરી છે. હાલમાં ગાંધીનગર જિલ્લામાં ફળ પાકોમાં આંબા, લીંબુ જામફળ, પપૈયા, આમળાની ખેતી વધુ થાય છે. તે સિવાય ચીકુ, બોર, કેળા, દાડમ, ફાલસા અને સીતાફળની ખેતી પણ ખેડૂતો કરે છે. ફળપાકોની ખેતીમાં સૌથી વધુ હાલમાં ૨૦૩૦ હેકટરમાં લીંબુની ખેતી થાય છે. જયારે કેળાની ખેતી માત્ર ૫૮ હેકટરમાં જ થાય છે. ફળ પાકોની ખેતી વર્ષ ૨૦૦૬-૨૦૦૭માં ૫૮૧૮ હેકટરમાં થતી હતી. વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં આ ખેતીનો વ્યાપ ૬૯૩૭ હેકટર થઈ ગયો છે. ફળપાકોનું ઉત્પાદન ૭૧૫૦૨ મે.ટન માંથી ૯૧૩૮૮ મે.ટન થઈ ગયું છે.

# ગાંધીનગરમાં ગરમીનો પારો એક ડીગ્રી વધ્યો

ગાંધીનગર, તા. ૧૫

છેલ્લા બે ત્રણ દિવસોમાં અચાનક વાતાવરણ પલટાયું હતું. આકાશ ગોરંભાયું હતું અને રાત્રિ દરમિયાન છુટા છવાયા વિસ્તારોમાં વરસાદના કરા અને છાંટા પડ્યા હતા ત્યારે આજે પાછુ હવામાન બદલાતા ગરમીમાં લઘુત્તમ બે પોઈન્ટ અને મહત્તમ એક ડિગ્રી તાપમાનનો વધારો નોંધાયો હતો.

હવામાન વિભાગમાંથી મળેલી વિગત પ્રમાણે ૧૪મી મે ના રોજ ભેજનું પ્રમાણ સવારે ૬૮ અને સાંજે ૨૫ હતું જે ૧૫મી મે ના રોજ ઘટીને સવારે ૬૭ થયું અને સાંજે વધીને ૨૯ થયું હતું. દિવસ દરમિયાન નોંધાયેલા તાપમાનમાં લઘુત્તમ ૨૬.૮ ડિ.સે. હતું જે ઘટીને ૨૬.૬ ડિ.સે. તથા મહત્તમ ૩૯.૨ ડિ.સે. હતું જે વધીને ૪૦.૨ નોંધાયું હતું.

દિવસ દરમિયાન નોંધાયેલા તાપમાનમાં ૧ ડિગ્રી તાપમાનનો વધારો થતાં માનવજીવન પર તેની અસર વર્તાઈ રહી હતી. ગરમીને કારણે લોકોએ બહાર જવાનું ટાળ્યું હતું. તથા દ્વિચક્રી વાહનો લઈને જનારા લોકો મો પર રૂમાલ કે દુપટ્ટો બાંધીને બહાર નિકળ્યા હતા. અનિવાર્ય સંજોગોને લીધે નિકળેલા લોકો જ્યાં ઠંડા પીણા કે શરબતની લારી દેખાય ત્યાં જઈને ગરમીમાં ઠંડુ પીણું પીને રાહત અનુભવતા હતા. ખાસ કરીને ગરમીના આ ઉકળાટમાં ગામડાઓમાં બરફ ગોળાવાળા અને ગુલ્ફીવાળાઓને વધુ ઘરાકી રહી હતી તથા શહેરોમાં નાના-મોટા આઈસ્ક્રીમ પાર્લરોને ત્યાં તથા શેરડીના રસવાળા અને તરબૂચના સ્ટોલવાળાને ભારે ભીડ જોવા મળી હતી. ગરમીને કારણે શહેરમાં બપોરે જનજીવન પર સામાન્ય અસર જોવા મળી હતી. ખાસ તો બપોરે માથુ તપવી નાખે તેવી ગરમી અને લૂ ફૂકાઈ હતી. જેથી લોકોએ ઘર કે ઓફિસમાં જ રહેવાનું પસંદ કર્યું હતું.

# મેદરામાં નજીવી બાબતે મારામારી એકને લાકડી ફટકારી

ગાંધીનગર, તા.૧૫

મેદરામાં અગાઉ થયેલી બોલાચાલીને બરાબર યાદ રાખી ચાર વ્યકિતએ ભેગા મળીને મહિલા સહિત બે ને માર માર્યો હોવાની ફરિયાદ અડાલજ પોલીસ મથકે નોંધાઈ છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મેદરા ખાતે રહેતા રોહીતભાઈ દશરથભાઈને સે-૧૬માં રહેતા કનુભાઈ ગાભાભાઈના પરિવારજનો વચ્ચે અઠવાડીયા અગાઉ તકરાર થઈ હતી. જેની અદાવત રાખી આજે સવારે આરોપી કનુભાઈ ગાભાભાઈ દંતાણી, બુધા કનુભાઈ, અળખીબેન તેમજ સંગીતા સહિતના આરોપીઓએ રોહીતભાઈ તેમજ તેમના પત્નીને લાકડી વડે અને ગડદાપાટુનો માર માર્યો હતો અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે ડભોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પી.એસ.આઈ. એમ.સી. ડાભીએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાતમાં પ્રથમ બળદોની હોસ્ટેલનું જુના માંકા ખાતે ખાતમુહૂર્ત ૨૨મીએ યોજાશે

હારીજ, તા.૧૫

ગાંધીનગર વેસ્ટર્ન એગ્રી સીડસ પરિવારના એન.પી.પટેલ દ્વારા પાટણ જિલ્લાના હારિજ તાલુકાના જુના માંકા પાસે અનંત વર્ષ હાઈસ્કૂલ પાસે બળદોની હોસ્ટેલનું ખાત મુહૂર્ત તા. ૨૨મી મે ૨૦૧૨ને મંગળવારના રોજ યોજાશે.

અનંત અને હર્ષની ૨૨મી પુણ્યતિથિ નિમિત્તે ભારતવર્ષમાં પ્રથમ બળદોની હોસ્ટેલનું ખાત મુહૂર્ત રાખવામાં આવ્યું છે. ખાત મુહૂર્ત સાંજે ૬ કલાકે, પશુધન માટે ચારો સાંજે ૬.૩૦ કલાકે અને ભજન રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે. સમસ્ત ગોદડીયા પરિવાર દ્વારા જીવદયા પ્રેમી ભાઈ બહેનોને પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જીટીપીએલ ચેનલ પર શ્રીમદ્ ભાગવત કથાનું પ્રસારણ

ગાંધીનગર, તા. ૧૫

શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞનો અમદાવાદ ચંદ્રપ્રસાદ દેસાઈ હોલ, સમજુબા હોસ્પિટલ પાછળ, બાપુનગર, અમદાવાદ ખાતે પ.પૂ. ગીતાદેવીની અમૃતવાણીથી થયો છે.

સમસ્ત ગીરનારી પરિવાર અને ગોપીમંડળ બાપુનગર દ્વારા યોજાયેલા શ્રીમદ ભાગવત સપ્તાહનું પ્રસારણ આજે તા. ૧૬મી મે-૨૦૧૨ થી ૨૨મી મે-૨૦૧૨ સુધી સવારે ૧૦ થી ૧ કલાક દરમિયાન જીટીપીએલ ચેનલ પર નિયમિત કરવામાં આવશે. પ.પૂ. ગીતાદીદી તેમની અમૃતવાણીથી કથા ગંગાનું રસપાન કરાવશે. જેનો સૌ ભક્તજનો લાભ લઈ શકશે.

# ઊંચા વ્યાજવાળી ક્રેડીટ સોસાયટીઓની સત્તાવાળાઓ સત્વરે તપાસ કરે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક સમય પહેલાં એક મહિલા નાગરિક બેંક, ક્રેડીટ સોસાયટીઓ વગેરે બંધ થવા પામેલ હતી. જેમાં કેટલાય લોકોની જીવન મૂડી સલવાઈ ગયેલ હતી. પરંતુ હમણાં હમણાં ગાંધીનગરમાં ક્રેડીટ સોસાયટીઓમાં મિત્ર મંડળ પુરતી નામે ફુલીફાલી હોય તેમ લાગે છે.

આ અંગે અખબારોમાં આવતી લોભામણી જાહેરાતો તથા જાહેર સ્થળોએ હોર્ડિંગ્સ પણ લગાડવવામાં આવ્યા છે. ઊંચા વ્યાજવાળી ડીપોઝીટવાળા હોર્ડિંગ્સ લાગેલ છે. જેમાં ગાંધીનગરની ભોળી પ્રજા ફરીથી સકંજામાં આવી જાય તો નવાઈ નહીં.

આ માટે સરકારી ખાતાઓ, બેકીંગ ક્ષેત્રે, રીઝર્વ બેંક જરૂરી તપાસ કરીને તથા લાગતા વળગતા સગાવાળાઓએ આવી સોસાયટીની જરૂરી તપાસ કરીને જનતાને સાચું માર્ગદર્શન વેળાસર આપવું જોઈએ તેમ સીનીયર સીટીઝનોની લાગણી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૫.૫૮

સૂર્યાસ્ત : ૦૭.૧૭

## તાપમાન

મહત્તમ : ૪૦.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૬ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૨૫ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્કીન-૧ :** ઈશકઝાદે : ૧૨.૧૫, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

**સ્કીન-૨ :** ઈશકઝાદે : ૧૦.૦૦
ડેનજર્સ ઈશ્ક : ૧૨.૩૦, ૩.૦૦, ૧૦.૩૦
ધ એવેન્જર (હિન્દી) : ૫.૩૦
જન્નત ૨ : ૮.૦૦

**સ્કીન-૩ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૩૦, ૬.૪૫
ઈશકઝાદે : ૧.૩૦, ૪.૦૦
જન્નત -૨ : ૧૦.૧૫

**સ્કીન-૪ :** ડેનજર્સ ઈશ્ક : ૧૦.૦૦, ૫.૧૫, ૭.૪૫
જન્નત ૨ : ૧૨.૩૦, ૧૦.૧૫
ઈશકઝાદે : ૨.૪૫
વીકી ડોનર : ૩.૦૦

### સિને મેક્સ

**સ્કીન-૧ :** ડેનજર્સ ઈશ્ક ૩-ડી(હિન્દી) :૯.૪૫,૩.૦૦, ૫.૩૦
ધ એવેન્જર (હિન્દી) : ૧૨.૧૫, ૮.૦૦, ૧૦.૪૫

**સ્કીન-૨ :** જન્નત -૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૧૫, ૬.૦૦
ધ રેડ રીડેમશન (હિન્દી) : ૮.૩૦
ડેનજર્સ ઈશ્ક : ૧૦.૩૦

**સ્કીન-૩ :** ઈશકઝાદે :૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫
જન્નત -૨ : ૯.૩૦

**સ્કીન-૪ :** ઈશકઝાદે :૯.૧૫, ૮.૦૦, ૧૦.૪૫
ડેનજર્સ ઈશ્ક : ૧૨.૦૦
ધ રેડ રીડેમશન (હિન્દી) : ૨.૪૫, ૫.૦૦

### સૂર્યા, વાવોલ

ડેનજર્સ ઈશ્ક : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
સાથી રે સાથ ના છૂટે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

## આપની આજ

**- કિશોર ત્રિવેદી**

**મેષ :** આર્થિક મહત્વનાં વિશેષ કાર્યો પૂર્ણ કરવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકશે. કર્મક્ષેત્રમાં ગહન શોધ સંબંધીત કાર્યો થઈ શકે છે. સમય શુભ.

**વૃષભ :** ભૂમિ રક્ષા પ્રતિરક્ષા સંબંધી વિવાદિત પ્રકરણોમાં યોગ્ય વિચારણા થઈ શકે છે. પેટ સંબંધીત તકલીફ થઈ શકે છે. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થઈ શકે છે.

**મિથુન :** સ્થાવર મિલકત, જમીન, મકાનની સંબંધીત ખરીદી- વેચાણ થઈ શકશે. કોર્ટ- કચેરીના કેસોમાં ઉકેલ આવતો જણાય. કુટુંબિજનનો સાથ સહકાર મળી રહે.

**કર્ક :** દૈનિક વ્યાપાર, કુટુંબની સમસ્યાઓ, કોર્ટ-કચેરીના વિવાદોમાં ભાગ્યવર્ધક લાભ પ્રાપ્તિ થઈ શકે છે. કલાત્મક ક્ષેત્રથી ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

**સિંહ :** પદ પ્રતિષ્ઠા સંબંધીત વિવાદિત કાર્યોના ઉકેલ લાવવા માટે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધી શોધપૂર્ણ કાર્યોમાં વિશેષ સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા :** જમીન લે-વેચ સાથે સંકળાયેલાઓને અટવાયેલા કેસોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર- વિમર્શ થઈ શકે છે.

**તુલા :** વિવાદ, કોર્ટ- કચેરીના કેસોમાં સાવચેત રહેવું હિતાવહ રહેશે. ખાનપાનનું ધ્યાન રાખવું. મિત્ર, સંતાન પક્ષ સંબંધીત સમસ્યાઓને લગતો પ્રવાસ અને ખર્ચ થઈ શકે છે.

**વૃશ્ચિક :** સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિનો યોગ. આર્થિક સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. રોગ નિવારણાર્થે કાર્યોમાં પ્રવાસ- યાત્રાનું આયોજન થઈ શકે છે.

**ધન :** નોકરી- વેપાર ક્ષેત્રે વિશેષ લાભ થઈ શકે છે. માંગલિક પ્રસંગોમાં સમય પસાર થઈ શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકે છે.

**મકર :** આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી તમારા કાર્યોમાં અવરોધ ઉભો થવાની સંભાવના છે. સુખ, સુવિધા,વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

**કુંભ :** નોકરી- વેપાર ક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકે છે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કલાત્મક ક્ષેત્રમાં વિશિષ્ટ યોગ.

**મીન :** ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની સંભાવના છે. કૌટુંબીજનો સાથે સમય પસાર થઈ શકે છે. સંતાન સંબંધી પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. આવક કરતાં ખર્ચ વધે નહી તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. લીલુભા હરભમજી ચુડાસમા (ઉ. વ.૮૦) પ્લોટ નં. ૧૨૦૫, શિવમ સોસાયટી, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. નટુભાઈ શંકરભાઈ પટેલ (ઉ. વ.૭૦)અંબિકાનગર સોસાયતી, મુ.પો. રાંધેજા તા., જિ. ગાંધીનગર
- સ્વ. પ્રહલાદભાઈ શીવરામ પટેલ (ઉ. વ.૮૫)જૂની પાણીની ટાંકી પાસે, મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર
- સ્વ. અમરસિંહ દિલીપસિંહ વાઘેલા (ઉ. વ. ૪૯) મુ.પો. પિંડારા તા., જિ. ગાંધીનગર
- સ્વ. શાંતાબેન રામભજન યાદવ (ઉ. વ.૬૫) પ્લોટ નં. ૫૦૮/ ૧,સેક્ટર-૧૩/એ, ગાંધીનગર

# મહારાજનાં દાળવડાંનો ટેસડો ગાંધીનગરાઓને વરસાદી ઋતુ વગર પણ લારીએ ખેંચી લાવે છે !!



મહારાજના દાળવડાંનું નામ લઈને અને મોઢામાં પાણી વળે એવાં ટેસ્ટી. ગાંધીનગર સે-૧૭માં છેલ્લા ૪૩ વર્ષથી ટેસ્ટફુલ રહેલાં મહારાજનાં દાળવડાં આજે માત્ર ગાંધીનગરની જ પણ ગુજરાતની વખણાતી ખાવાની વસ્તુઓની યાદીમાં પણ સામેલ છે!! ચટાકેદાર દાળવડાંની કવૉલીટી સ્ટાન્ડર્ડમાં કયાંક બાંધછોડ કર્યા વગર ગ્રાહકોનાં માનીતા બની રહેલાં મહારાજનાં દાળવડાં અનબીટેબલ છે!!

ગાંધીનગરમાં કૉલસાનાં ભઠ્ઠાવાળા ચૂલા પર સિંગતેલનાં ૧૯૬૯માં દાળવડાંનો પહેલો ઘાણ ઉતારનારાં વિજયભાઈ મહારાજે ત્યારેતો સ્વપ્નેય કલ્પેલું નહીં કે એમનાં દિલથી બનાવેલાં દાળવડાં સ્વાદનાં રસિયાઓમાં આટલાં પ્રિય થઈ જશે... સે-૧૭ નાં શૉપિંગ સેન્ટરે એમણે લારી કરેલી અને આજે ૪૩ વર્ષ બાદ પણ લારી લઈને જ ઉભા રહેતાં વિજયભાઈનાં દીકરા ભગવાનભાઈ મહારાજ છમ્મ્. કરીને દાળવડાં ઉતારી હોંશે હોંશે સૌને ભાવથી ખવડાવે છે... ભગવાનભાઈ મહારાજ માત્ર દાળવડાંનો વેપાર નથી કરતાં પણ પ્રેમનો વહેવાર કરે છે, ગ્રાહકનાં ખબર અંતર પુછાયાં બાદ જોઈતાં વજનની ડીશ ડુંગળી-મરચાંના લટકણીયાં સાથે અપાય છે!!

વિજયભાઈ મહારાજે જયારે દાળવડાં બનાવવાનું ચાલું કર્યું ત્યારથી જ એક નૅમ રાખેલી કે ગ્રાહકો જોડે આત્મિયતા કેળવીને જ વ્યાપાર કરવો... સે-૧૭માં એ વખતે ગામડામાંથી ઊંટ લારીમાં શાકભાજી ભરી આવી પથારો કરનારાં બેસતાં, સે-૧૬ - ૧૭ - ૨૨ - ૨૧ અને સચિવાલયનાં કર્મચારી અને મજૂર વર્ગ એમનો મુખ્ય ગ્રાહક... ૧૯૬૯માં ટેસ્ટફૂલ દાળવડાં માત્ર ૨૫ પૈસે ૧૦૦ ગ્રામ મળતાં કે જે પાવલીનું ચલણ જ આજે અસ્તિત્વમાં નથી! વિજયભાઈ મહારાજ એમનાં સ્વભાવ અને કલદાર માલને કારણે ઝડપથી પ્રસિધ્ધિ પામી ગયા. કેટલાંય ગ્રાહકો એમનાં નિયમિત બની ગયાં... સચિવાલયની નાની નાની પાર્ટીઓમાં મહારાજનાં દાળવડાં પ્રથમ પસંદગી પામતાં થયાં!!

વિજયભાઈનાં દીકરા ભગવાનભાઈ મહારાજ જેઓ હાલ એમનાં પિતાનો ટેસ્ટફૂલ વારસો એજ આત્મિયતાથી આગળ વધારે છે એમને નાનપણમાં લમણે ઈજા થયેલી એટલે પિતાએ ભણવા પર મનાઈ ફરમાવેલી અને ધંધા પર જતાં તેઓ પિતાની કલાને આત્મસાત કરી લીધી... ૧૯૮૪ થી કાયદેસર પ્લૅટફૉર્મ ભાડું ભરતાં થયેલાં મહારાજ ૪૫ રૂપિયાનું માસિક ભાડું ચૂકવતાં જે આજે ૫૦૦ રૂા. પહોંચ્યું છે, પણ દાળવડાંની કવૉલીટીની જેમ ભાડું ચૂકવવામાંય કયારેક દંડાયા કે પાછાં પડ્યાં નથી!!

સદાય સંતોષી જીવ એવાં ભગવાનભાઈના પિતા વિજયભાઈ દુનિયાને રામ-રામ કરી દાળવડાંને પારંગત વારસો ભગવાનભાઈને સોંપતા ગયા... આજે રોજના ૧૫૦ થી ૨૦૦ ગ્રાહકોને એજ ઉમળકાથી આવકારતાં મહારાજનો ધંધો સવારે ૯ થી સાંજે ચારનો છે. એમનો માલ કયારેય વધ્યો હોય એવું બન્યું જ નથી! બજારનાં ભાવનો ગમે તેટલો ઉતારચઢાવ આવે એમને પોસાતું હોય ત્યાં સુધી એ ભાવ વધારતાં નથી. આજથી દસેક વર્ષ પૂર્વે રૂા. ૨ કિલો વાળી ડુંગળી ૪૦-૪૫ ને પહોંચેલી ત્યારેય એમને દાળવડાં સાથે પિરસાતી મફતની ડુંગળી આપવામાં સહેજેય કંજૂસાઈ કરેલી નહોતી!!

**સંબંધ સજાવે જિંદગી**

**મૂલ્યવાન દુકાન – અમૂલ્ય ગ્રાહક**

**- સંજય થોરાત**

gsrelation@yahoo.com

ચોમાસાની પહેલી ઝડી વરસે એટલે દાળવડાંનો ચટાકો સૌને ઉપડે જ એટલે મહારાજે એ વખતે ખાસ લાન કરાવવી પડે છે. શિયાળામાં અને ચોમાસામાં દાળવડાંનો ઉપાડ વધુ હોય છે અને ત્યારે મહારાજનો કારીગર અજયભાઈ સવારે ૭ થી જ કામે લાગી જાય છે... ડૉ. મીરાંબેન બુટાણીથી ડૉ. ગુંજન જૈન જેવી સંપૂર્ણ ડૉ. સીરીઝ, મહેન્દ્ર ગજ્જરથી હિરેન ભટ્ટ, પૉલીટીશિયન - પત્રકાર - વી.આઈ.પી., કર્મચારી, વેપારી સૌ કોઈ મહારાજનાં દાળવડાંનાં શૉખીન છે... મહારાજનાં દાળવડાં છેક સી.એમ. સુધી એટલે કે કૉમનમૅન થી ચીફ મિનિસ્ટર સુધી પહોંચે છે!!

મહારાજનાં દાળવડાંના આશિકો જેઓ ગાંધીનગર છોડી ગયા છે તેઓ જયારે જયારે ગાંધીનગર આવે ત્યારે આનો ટેસડો કરતાં જ જાય છે. ગોધરાંના ધારાસભ્ય સી.કે. રાઉલજી મહારાજનાં દાળવડાંના એટલાં આશિક કે પોતે તો લારીએ ખાઈને જાય પણ બે-ત્રણ કિલો હાફ ફ્રાય દાળવડાં ઘર માટે પૅક કરાવી લે!! સરપંચની ચૂંટણઈ હોય કે લોક ડાયરાંના કલાકારો હોય સૌને મહારાજનાં દાળવડાં લલચાવે છે... ઉર્વશી દેવી અને ગાંધીનગરનાં મેયર પણ ચટાકેદાર દાળવડાંના દિવાના છે !!

અમુક ગ્રાહકો અને અમુક વારે પાક્કાં નિયમિત આવે જ અને એમની સંસારની વાતોની ચર્ચા સાથે દાળવડાં ચાવી જાય. જી.એલ.પી.સી. નાં ભરતભાઈ ગોસ્વામી એમનાં સ્ટાફને નિયમિત રવિવારે દાળવડાંનો નાસ્તો કરાવે... ડૉ. વિવેક ભાવે એમનાં મહેમાન માટે ફોન પર મહારાજને ઑર્ડર બુક કરાવે. સે-૧૭ નો માત્ર એક ટકો ગ્રાહક ધરાવતાં મહારાજનાં ૯૯ ટકા ગ્રાહકો બીજા સેકટરો અને સરકારી કચેરીનાં છે!! સે-૧૭ નવરાત્રિ મંડળનાં પૂ. પ્રમુખ કૃષ્ણકાંત જહાં અને વર્તમાન પ્રમુખ રજુજી ગોલ માત્ર મહારાજનાં દાળવડાંનાં ચાહક જ નથી પણ તેમને ગર્વ છે કે એક લારી લઈ ઊભો રહેતો નાનો વેપારી એની બ્રાન્ડનૅમ ગુજરાતમાં ફરતી કરી ચૂક્યો છે!!

મહારાજનાં દાળવડાં સૌથી જૂના ગ્રાહક જે પહેલાં પગપાળાં આવી ૨૫ પૈસે ૧૦૦ ગ્રામ દાળવડાં ખાતાં તે આજે ૧૫ રૂપિયે ૧૦૦ ગ્રામ દાળવડાં ખાવાં ૨૫ રૂપિયાનું પેટ્રોલ બાળીને આવે છે, અને એ ગ્રાહક છે, એચ. એસ. થોરાત જેમની ઈચ્છા છે કે, જયાં સુધી મારાં હાથપગ ચાલશે ત્યાં સુધી હું અહીંયા અઠવાડીયે એકવાર અચુક દાળવડાં ખાવાં આવીશ જ અને મારાં શ્રાધ્ધમાંય મારાં દીકરાઓ આ મહારાજનાં દાળવડાં જ મુકે એવી એમની ઈચ્છા છે!! મહારાજનાં દાળવડાંથી ગ્રાહક અને ગ્રાહકની આત્મિયતાથી મહારાજ ખુબ ખુશ છે. મહારાજનો દીકરો અત્યારે ભણે છે અને જો એની ઈચ્છા હોય તો આ ખ્યાતિ પામેલો ધંધો જાળવી રાખે તો આનંદ થશે એમ માને છે... એક નાનકડી લારીથી રાજય સ્તરે પ્રખ્યાત થનારાં મહારાજનાં દાળવડાંનો ટેસ્ટ કરવાં જેવો છે. તેમને આદત પડી જશે એની અમને ગેરંટી છે!!